# અકબંધ છું હજુય જરા ફેર ના પડ્યો, એનો જ રખરખાવ છે બીજું કશું નથી!

સ્પંદન
નિરંજન યાજ્ઞિક

નવીનભાઈનો મુખ્ય ધંધો તો કાપડનો પણ સીઝનમાં એ શેરડીનો ધંધો પણ કરી લેતા. જો કે આ બન્ને ધંધાની પાછળ એમનો મોટો ધંધો હતો વ્યાજે પૈસા ધીરવાનો. આ ધંધો એવો છે કે, ધંધાનું નામ સાંભળીને જ આપણને નવીનભાઈ તરફ શરૂ થયેલી લાગણીનું બાષ્પીભવન થઈ જાય! કદાચ નવીનભાઈ એક જ એવા માણસ હતા વ્યાજવટાવના ધંધામાં કે પ્રામાણિકતા એમની રગેરગમાં વહેતી રહેતી.

એમણે ચિખલીમાં જેને જેને પૈસા ધીરેલા હોય, એ કદાચ પૈસા પરત આપવામાં મોડું કરે તો પણ વધારાના દિવસોનું વ્યાજ એ લેતા નહીં. કદી ખોટી ઉઘરાણી પણ એ કરતા નહીં. એ સમજતા કે, માણસ જ્યારે અત્યંત તકલીફમાં હોય ત્યારે જ વ્યાજે પૈસા લેતો હોય. આનું પરિણામ પણ સારું આવતું. લોકો ભૂલ્યા વિના એમના પૈસા પાછા આપી જતા.

એક સાંજના એ દુકાન વધાવીને ચિખલીના પોતાના ઘેર આવીને જમ્યા પછી એમના પ્રિય હીંચકે ઝૂલતા હતા, ત્યાં એમની પત્ની વિદ્યાબહેન એમની પાસે આવ્યાં.

“સાંભળ્યું,” એણે કહ્યું, ‘‘પરમદિવસે મંગળવાર છે. આપણે ગયા મહિને રમણભાઈને સાથે લઈને ગણપતિદાદાના દર્શન કરવા એઠોર ગયા હતા એ યાદ છે ને?”

“હા,હા,” નવીનભાઈ બોલ્યા, “કેમ યાદ ન હોય ? હું તો ગણપતિદાદાને જ માનું છું, એમની સહાયથી જ આપણો ધંધો ચાલે છે ને નવા ધંધાનું વિચારું છું, પછી મને એઠોર કેમ યાદ ન હોય?”

“તો બરાબર,” વિદ્યાબહેન હસ્યાં, “હવે પરમદિવસે મંગળવાર છે, તો આપણે કોઠ પાસેના ગણપતિપુરા ગણપતિદાદાના દર્શન કરવા જઈશું? આપણે બે ને રમણભાઈ ને લીલાભાભી, ચારે જણા ત્યાં સવારે જઈને સાંજે તો પાછા પણ આવી જઈશું.”

“ચોક્કસ,” નવીનભાઈ બોલ્યા, “હું અત્યારે જ રમણલાલના ઘેર જઈને એને વાત કરું છું. તારે આવવું હોય તો તું પણ ચાલ.”

“હું પાંચ મિનિટમાં તૈયાર થઈ જાઉં છું,” વિદ્યાબહેન બોલ્યાં, “પછી આપણે નીકળીએ. તમે પણ કપડાં બદલી લો.”

નવીનભાઈ ઊભા થયા ને રૂમમાં કપડાં બદલવા ગયા. વિદ્યાબહેન તો પાંચ મિનિટમાં કપડાં બદલીને આવી પણ ગયાં.

દસેક મિનિટમાં એમની ગાડી રમણલાલના બંગલા પાસે ઊભી રહી.

રમણલાલ નવીનભાઈના જીગરી દોસ્ત. લગભગ પચાસેક વરસથી એમની દોસ્તી જામેલી. એકબીજાના કામમાં ખભેખભા મિલાવીને ઊભા રહેતા. ક્યારેક રમણલાલને પૈસાની જરૂર પડતી તો નવીનભાઈ એમને જોઈએ એટલા પૈસા આપતા, તો ક્યારેક નવીનભાઈને પૈસાની જરૂર પડતી તો રમણલાલ પણ એમને જોઈએ એટલા પૈસા આપતા.

એક વાર તો, લગભગ દસેક વરસ પહેલાં, રમણલાલની કરિયાણાની દુકાન ભારે વરસાદના લીધે પડી ગઈ ને અંદરનો મોટાભાગનો માલ તણાઈ ગયો ને બાકી રહ્યો એ પલળી ગયો. ભારે નુકસાન એમને વેઠવું પડ્યું.

એ વખતે નવીનભાઈ એમની પડખે ઊભા રહ્યા ને નવેસરથી દુકાન બનાવડાવી ને બધું કરિયાણું ભરાવીને દુકાન ચાલુ કરાવી દીધી. લગભગ ત્રણથી ચાર લાખ રૂપિયા એ વખતે નવીનભાઈએ મિત્ર માટે ખરચી નાખેલા ને આજ સુધી એ પૈસા એમણે પાછા માગ્યા નથી! “આવો આવો નવીનભાઈ,” રમણલાલે નવીનભાઈ અને વિદ્યાબહેનને આવકાર્યા.

“કેવા છે ધંધાપાણી?” નવીનભાઈ સોફા પર ગોઠવાયા એટલે રમણલાલે પૂછ્યું. “ચાલ્યા કરે છે ગણપતિબાપાની દયાથી,” નવીનભાઈ બોલ્યા.

રસોડામાંથી લીલાબહેન પાણીના ગ્લાસ લઈને બહાર આવ્યાં ને પછી વિદ્યાબહેન પણ સામેના સોફામાં ગોઠવાયાં. “રમણભાઈ,” વિદ્યાબહેન બોલ્યાં, ‘‘પરમદિવસે મંગળવાર છે ને હું વિચારું છું કે, આપણે કોઠ ને અરણેજ પાસેના ગણપતિદાદાનું ખૂબ મહત્ત્વ છે તો ગણપતિપુરા જઈએ. સવારે જઈને સાંજના તો પાછા આવી જઈશું.” “ચોક્કસ જઈશું,’’ લીલાબહેન બોલ્યાં, “એમાં પૂછવાનું શું હોય? હું ચા બનાવતી આવું.” એમ કહીને એમણે રસોડા તરફ પ્રસ્થાન કર્યું ને વિદ્યાબહેન એમને અનુસર્યાં. રમણલાલે પૂછ્યું, “નવીનભાઈ, આપણે ક્યારે નીકળીશું?”

“પરમદિવસે સવારના છ વાગ્યે નીકળી જઈશું. મારી જ ગાડીમાં જઈશું. અહીંથી લગભગ ત્રણસો કિલોમીટર છે. આપણે સાડા અગિયાર વાગ્યે તો પહોંચી જઈશું, દર્શન કરીને ક્યાંક જમીને નીકળીશું તો સાંજના સાત કે સાડા સાત વાગ્યે તો પાછા આવી જઈશું.” “ઓ.કે,” રમણલાલ બોલ્યા, “અમે તમારા ઘેર સવારના સાડા પાંચ વાગ્યે આવી જઈશું, ચા તૈયાર રાખજો.” “સવારે ચા તો ખરી,’’ રસોડામાંથી વિદ્યાબહેન ચાના કપ લઈને આવતા બોલ્યાં,’’ને વળતા સાંજના પાછા આવીએ ત્યારે જમવાનું પણ મારે ત્યાં જ.” “એમ કરીશું,’’ લીલાબહેને પણ ચાના કપ લઈને આવતાં કહ્યું, “તમે ન કહ્યું હોત તો પણ અમે તમારે ત્યાં જ જમવા બેસી જાત.”

એ પછી થોડી આડીઅવળી વાતો કરીને બધાં છૂટાં પડયાં.પછીના દિવસે સવારના સાડાપાંચ વાગ્યે રમણલાલ અને લીલાબહેન એમને ઘેર આવી ગયાં. નવીનભાઈના ફળિયામાં એક્ટિવા મૂકીને બન્ને અંદર ગયાં ને તરત જ વિદ્યાબહેન ચાના કપ લઈને રસોડામાંથી બહાર આવ્યાં!

ચા પીને તરત જ ચારે જણા બહાર નીકળ્યાં. રસ્તામાં એકાદ જગ્યાએ ચા-પાણી માટે રોકાયા પછી લગભગ સવા અગિયારે બધાં ગણપતિપુરા પહોંચ્યાં. ત્યાં ગણપતિ મંદિરમાં ગણપતિદાદાની દેદીપ્યમાન મૂર્તિ જોઈને નવીનભાઈ તો અભિભૂત થઈ ગયા. શ્રધ્ધાથી વંદન કરીને ચારે જણ બહાર આવ્યાં. કોઈએ એમને નજીકમાં અરણેજ બુટભવાની માતાના દર્શન કરવાનું સૂચવ્યું એટલે એમણે ગાડી એ તરફ લીધી. ત્યાં દર્શન કરીને તરત એમણે ગાડી હાઈવે પર લીધી. વટામણ ચોકડી પરની એક હોટેલમાં જમીને ફરી ગાડી સ્ટાર્ટ થઈ, તે છેક ચિખલી નવીનભાઈના ઘેર જઈને ઊભી રહી.

કાવેરીમાં પાણી વહેતું રહ્યું ને દિવસો પસાર થતા રહ્યા.

ફરી એક વાર રમણલાલ અને લીલાબહેન એક ડબ્બામાં અંજીરનો હલવો લઈને નવીનભાઈના ઘેર પહોંચ્યા. ચારેની બેઠક શરૂ થઈ.

એ જ વખતે રમણલાલને કોઈનો ફોન આવ્યો ને એમણે વાત શરૂ કરી. વિદ્યાબહેન એમના ફોન તરફ જોઈ રહ્યા. સરસ ફોન હતો.

“ભાભી,” વાત પૂરી થઈ એટલે રમણલાલે વિદ્યાબહેન સામે જોયું, ‘‘તમને ફોન ગમી ગયો છે એ હું સમજી ગયો. કાલે જ હું નવીનભાઈને આવો ફોન અપાવવા લઈ જવાનો છું. એમાં વિડિયો ને એવું પણ સરસ આવે એટલે નવીનભાઈ ઘેર હોય તો ત્યારે તમે પણ એમાં વિડિયો કે ફિલ્મો જોઈ શકો.’’ ખરેખર બીજા દિવસે રમણલાલ નવીનભાઈને એક ફોનની દુકાને લઈ ગયા ને એમના જેવો જ મોંઘો ફોન નવીનભાઈને અપાવી દીધો. પૈસા પણ રમણલાલે જ આપી દીધા. વિદ્યાબહેન ખુશ થઈ ગયાં. હવે તો નવીનભાઈ બપોરે થોડી વાર આરામ કરવા ઘેર આવ્યા હોય ને કોઈનો



**ધન્ય છે તમારી ભક્તિને. આજના જમાનામાં આવું બને એ માન્યામાં નથી આવતું, પણ તમે છો એટલે માનવું જ પડે. બસ, હવે હપ્તો ભરી દો, બીજું શું. આ તો છાપામાં આપવા જેવો કિસ્સો છે**

ફોન આવે કે મેસેજ આવે તો વિદ્યાબહેનને જ ફોન ઉપાડવાનું કહી દેતા.

“શેઠ,” બીજા દિવસે નવીનભાઈની દુકાને એમનો પરિચિત ગ્રાહક આવ્યો, ‘‘શેઠ, તમારી પાસેથી બે લાખ રૂપિયા વ્યાજે લઈને દીકરાની ફી ભરીને એને ભણવા મૂકેલો પણ ગયા અઠવાડિયે સુરતમાં એક એક્સિડન્ટમાં એનું અવસાન થયું છે. હવે હું ક્યાંથી તરત તમારા પૈસા આપવાનો હતો?”

“ચિંતા ન કર ભાઈ,” નવીનભાઈ બોલ્યા, “જયારે તારી સગવડ થાય ત્યારે આપજે, હું વ્યાજ નહીં ગણું.” આંખમાં ઝળઝળિયાં સાથે પેલો વિદાય થયો. નવીનભાઈ ચોપડો ખોલીને હિસાબ જોવા બેઠા. ઉઘરાણીના લગભગ પાંચેક લાખ રૂપિયા હતા. દેવામાં તો હવે દુકાન અને મકાનનો બેન્કનો છેલ્લો હપ્તો પાંચ લાખનો બાકી રહ્યો હતો, જે પહેલી તારીખે ભરવાનો હતો. બપોરના લગભગ બે વાગ્યા હતા. નવીનભાઈની આંખોમાંથી ઊંઘ છલકાતી હતી એટલે એ પલંગમાં આડા પડ્યા. રસોઈકામથી પરવારીને રૂમમાં આવીને વિદ્યાબહેને એમનો મોબાઈલ હાથમાં લીધો ને ફેસબુકના રીલ જોવાનું શરૂ કર્યું. એ રીલ જોતા હતા ત્યાં જ કોઈનો મેસેજ આવ્યો, એટલે વિદ્યાબહેને તરત જ મેસેજ ખોલ્યો. અંગ્રેજીમાં કલેક્ટ યોર મની એવું લખેલું હતું એટલે વિદ્યાબહેને તરત એ મેસેજ ખોલવા મેસેજ પર આંગળી મૂકી.

બસ, એ પછી પાંચ જ મિનિટમાં મેસેજ ઉપર મેસેજ આવવાના શરૂ થયા. મેસેજના ટન ટન અવાજથી નવીનભાઈ પણ જાગી ગયા.

“કોના આટલા બધા મેસેજ આવે છે?” એમણે ઊભા થઈને વિદ્યાબહેન પાસેથી ફોન લીધો ને મેસેજ જોયા. મેસેજ બધા બેન્કના હતા, ને એમના ખાતામાંથી દરેક મેસેજમાં પૈસા ઉપડતા હતા. પાંચ મિનિટમાં એમના ખાતામાંથી પચાસ લાખ રૂપિયા ઉપડી ગયા! ખાતું ખાલી થઈ ગયું!

નવીનભાઈ સ્તબ્ધ થઈ ગયા. એમને સમજાયું નહીં કે આમ કેમ થયું. એમણે તરત જ ફોન કરીને રમણલાલને તાત્કાલિક ઘેર આવી જવાનું કહ્યું.

પંદર મિનિટમાં રમણલાલ આવી ગયા ને પૈસા ઉપડી ગયાની વાત જાણી. “ભાભી,” રમણલાલે પૂછ્યું, “તમે ફોન જોતા હતા ત્યારે કોઈ મેસેજ આવેલો?”

“હા,” વિદ્યાબહેન બોલ્યાં, “મેસેજમાં કલેક્ટ મની લખેલું એટલે.....”

“લાવો મોબાઈલ,” રમણલાલે કહ્યું, “મને એ મેસેજ જોવા દો.”

રમણલાલે વિદ્યાબહેને બતાવ્યો એ મેસેજ જોયો. એમાં અંગ્રેજીમાં કલેક્ટ યોર મની લખ્યા પછી પૂર્ણવિરામ હતું ને પછી .apk લખેલું હતું. રમણલાલ સમજી ગયા. “નવીનભાઈ,” રમણલાલે કહ્યું, “તમે ફ્રોડનો ભોગ બન્યા છો. આ એપીકે લખેલું હોય એટલે એ ખોલવાથી આપણું ખાતું સાફ થઈ જાય. તમારું ખાતું એ રીતે સાફ થઈ ગયું. હવે એ પૈસા પાછા આવવાની શક્યતા નથી પણ આપણે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ કરીએ.”

એ પછી તો રમણલાલે જ સાઈબર ક્રાઈમમાં ફરિયાદની વિધિ પતાવી. નવીનભાઈ હવે સાવ નર્વસ થઈ ગયા હતા. એમની બધી મૂડી ખલાસ થઈ ગઈ હતી. આ પૈસા તો પાછા આવવાની શક્યતા નહીંવત હતી પણ દુકાનમાં માલ ભરવાની ચિંતા હતી ને દુકાન અને મકાનનો લોનનો છેલ્લો હપ્તો ભરવાની ચિંતા હતી.

એ સાંજે એ વિદ્યાબહેનને લઈને રમણલાલના ઘેર ગયાં.

“રમણલાલ,” નવીનભાઈએ કહ્યું, “પચાસ લાખ તો ગયા પણ હવે દુકાનમાં માલ ભરવાનાય પૈસા રહ્યા નથી ને આજે ત્રીસમી થઈ, પહેલી તારીખે બેન્કમાં દુકાન અને મકાનનો છેલ્લો હપ્તો ભરવાનો પણ બાકી છે, ને એ પણ પાંચ લાખનો !”

“ચિંતા ન કરો નવીનભાઈ,” રમણલાલ બોલ્યા, “હું પાંચ લાખ આપીશ, કહો તો અત્યારે જ આપું.” “ના રમણલાલ,”નવીનભાઈ બોલ્યા, “હજી પરમદિવસે હપ્તો ભરવાનો છે ને કાલનો દિવસ બાકી છે. મારે કેટલીક ઉઘરાણી બાકી છે એ જો કાલે આવી જાય તો તો કોઈ વાંધો નથી અને પચાસ લાખ તો પાંચ વરસમાં ભેગા કરી લેવાશે. મારા ગણપતિદાદા મારી ભેગા જ છે, એ મને એકલો નહીં મૂકે.” “પણ કાલે ઉઘરાણી નહીં આવે તો....” રમણલાલ બોલ્યા, ‘‘તો બેન્કનો હપ્તો તો પરમદિવસે ભરવો જ પડશે, એનું શું કરીશું ?”

“જે કરવાનું હશે એ મારા ગણપતિદાદા કરશે રમણલાલ,” નવીનભાઈ બોલ્યા, “આપણે આજ દિવસ સુધી કોઈનું બગાડયું નથી તો ગણપતિદાદા આપણું શા માટે બગાડે? એ મદદમાં આવશે જ તમે જોજો.”

“સારું,”રમણલાલ બોલ્યા, “અને સગવડ ન થાય તો પરમદિવસે સવારના મને ફોન કરજો, હું આવીને પાંચ લાખ તમને આપી જઈશ, બાકી કોઈ પણ જાતની ચિંતા ન કરતા. વધારે જોઈતા હોય તો પણ કહેજો.”

“અરે,” નવીનભાઈ બોલ્યા, “આપણાં બધાંની ચિંતા મારા ગણપતિદાદા કરે છે, પછી આપણે શું ચિંતા કરવાની? ને છતાં, પૈસા નહીં આવે તો હું જાતે જ તમારે ઘેર પરમદિવસે સવારે આવી જઈશ.” થોડી વાર પછી નવીનભાઈ ને વિદ્યાબહેન ઘેર ગયાં.

બીજા દિવસે એમણે વ્યાજે પૈસા જેમને આપેલા, ને આજે પાછા આપવાની મુદત હતી એ સૌની રાહ જોઈ પણ કોઈ ફરક્યું નહીં એટલે એમને ચિંતા પેઠી. સાંજના એ ઘેર ગયા ત્યારે એમના ચહેરા પર ચિંતાનાં વાદળો ઘેરાએલાં હતાં પણ એમણે વિદ્યાબહેનને કશી વાત ન કરી. રાત્રે લગભગ એમને ઊંઘ ન આવી. સવારે તો બેન્કનો હપ્તો ભરવાનો છે એ ચિંતામાં એ વારંવાર ગણપતિદાદાનું સ્મરણ કરતા રહ્યા. સવારે લગભગ સાડાપાંચ વાગ્યે એ જાગ્યા ને બારણું ખોલ્યું. એમના આશ્ચર્ય વચ્ચે એમણે એમનાં બારણાં પાસે એક નાની એટેચી પડેલી જોઈ. એમણે એટેચી ઉઠાવી તો એના પર ઝાંખા અક્ષરોમાં ગણપતિપુરા લખેલું એમને વંચાયું. ઝટપટ એટેચી અંદર લઈને એમણે બારણું બંધ કર્યું. વિદ્યાબહેનને જગાડીને વાત કરી, ને પછી એટેચી ખોલી. એટેચીમાં નોટોનો થપ્પો જોઈને એ સ્તબ્ધ થઈ ગયા. એમણે પૈસા ગણ્યા - પૂરા પાંચ લાખ હતા! “હે ગણપતિદાદા !”નવીનભાઈ બોલ્યા, “તમારા ભક્તની આખરે તમે સહાય કરી ખરી ! વાહ દાદા, ધન્ય છે તમને.” એટેચી લઈને એ તરત જ રમણલાલના ઘેર ગયા. “રમણલાલ,” એમણે એટેચી બતાવતાં કહ્યું, ‘‘જુઓ, મારી શ્રધ્ધા ફળી! ગણપતિદાદાએ ગણપતિપુરાથી પાંચ લાખ મોકલ્યા મને!” “હેં....?” રમણલાલ આશ્ચર્ય પામ્યા, “ધન્ય છે તમારી ભક્તિને. આજના જમાનામાં આવું બને એ માન્યામાં નથી આવતું, પણ તમે છો એટલે માનવું જ પડે. બસ, હવે હપ્તો ભરી દો, બીજું શું.’’ નવીનભાઈ બોલ્યા, “બસ, આપણી માગણી દાદાએ પૂરી કરી એટલું ઘણું. આ દાદાનો જ રખરખાવ છે કે, હું આજે આટલું થયા છતાં અકબંધ છું!”

આટલું કહીને એ ઘેર ગયા.“ગજબ કહેવાય,” લીલાબહેને રમણલાલને કહ્યું, “આ રીતે ગણપતિદાદા મદદ કરે.....” ‘‘ગણપતિદાદાએ મદદ નથી કરી,” રમણલાલે ધડાકો કર્યો, ‘‘મેં જ પાંચ લાખ ભરીને ઝાંખા અક્ષરે ગણપતિપુરા લખીને એટેચી મોડી રાત્રે એમનાં બારણાં બહાર મુકાવેલી ને આપણી દુકાનના બે માણસોને નવીનભાઈ જાગીને બારણું ખોલીને એ એટેચી લઈ ના લે ત્યાં સુધી ધ્યાન રાખવા એમના ઘરની બાજુમાં જ આખી રાત ઊભા રાખેલા!” લીલાબહેન અવાચકની જેમ માત્ર સાંભળી જ રહ્યાં!

(શીર્ષકપંક્તિઃ રાહુલ તુરી)